# સાથીયા પુરાવો દ્વારે... દિવડા પ્રગટાવો રાજ...

## સે-૨૦માં ગરબાપ્રેમીઓની ભારે ભીડ જામતી હતી : અડધો કલાકે ગરબાનો એક રાઉન્ડ પુરો થતો હતો

**શેરી ગરબાની ઉજવણી થકી શહેરમાં પ્રસરાયેલી સાંસ્કૃતિક ચેતના સમય જતા સાંસ્કૃતિક ગરબા મહોત્સવમાં વધુ ભવ્ય સ્વરૂપે ઉભરી રહી છે**







સે-૧૬ની પ્રથમ નવરાતમાં મોતીભાઈ બકોરભાઈ પટેલે પણ યોગદાન આપ્યુ હતુ. ત્યારબાદ સે-૧૬ના શોપિંગ વિસ્તારમાં ગરબાની રમઝટ જામતી હતી. સમયની સાથે શહેરમાં વધતી વસતી સાથે રહેણાંક વિસ્તારનો વ્યાપ વધતા વર્ષ ૧૯૭૮ દરમિયાન સે-૨૦ માં નવરાતની ઉજવણીની શરૂઆત થઈ હતી. શહેરમાં સૌથી જુના અને જાણીતા શેરીગરબામાં હાલ પણ સે-૨૦નુ નામ સૌથી પહેલા લેવામાં આવે છે.સેકટરમાં ચ અને છ કેટેગરીના રહીશોના મંડળ દ્વારા આ ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવતુ હતુ. આ સમયે હજુ સે-૨૪ પણ અસ્તિત્વમાં આવતુ હોવાથી નાના અમથા ગણાંતા શહેરમાં સે-૨૦માં ગરબાપ્રેમીઓની ભારે ભીડ જામતી હતી. સરકારી રહેણાંક વિસ્તારમાં ગરબાની રમઝટ સાથે ભારતના નકશાની પ્રતિકૃતિ સમાન દ્રશ્ય સર્જાતુ હતુ. અડધો કલાકે ગરબાનો એક રાઉન્ડ પુરો થતો હતો. સરકારી વસાહત વચ્ચે મંચ સ્વરૂપે એક ઓટલાનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. સ્થાનિક કલાકારો પુષ્પા દુધરેજિયા,શિવરાજ શ્રીમાળી ગોવિંદ બારોટ માયાબેન હાથી આ મંચ પરથી સુર સંગીત સાથે ગરબા રજુ કરતા હતા. સતત પાંચ વર્ષ સુધી સે-૨૦માં શેરી ગરબાની રમઝટે રંગ જમાવ્યો હતો. સેકટરોના ખુંણે ખુંણેથી ગરબાપ્રેમીઓ ઉમટી પડતા હતા. સે-૨૦ ના શેરી ગરબાના પ્રભાવ અન્ય સેકટરો માટે પણ પ્રેરણારૂપ બન્યો હતો. ત્યારબાદ સે-૨૯ માં પણ ગરબાનુ નવતર આયોજન કરવામાં આવ્યુ હતુ. વર્ષ ૧૯૮૫ થી ૯૨ દરમિયાન સે-૨૯માં શેરી ગરબાની રોનક ગજબ નિખરી હતી. સેકટરના જશુવંત ગાંધી,જશુભાઈ પટેલ ગીરીશ પટેલ ,જી એચ પંચાલ અને પોપટલાલ પ્રજાપતિ સહીતના ૧૦૦થી વધુ સભ્યોએ આ ઉજવણીની જવાબદારી માથે લીધી હતી. સમયની પાબંદી વિના તે સમયે રાત્રે ૮ થી સવારે ૪ વાગ્યા સુધી ગરબાની રમઝટ જામતી હતી. યુવાનો જાતે જ મંડપ તૈયાર કરતા હતા. આ વેળાએ તત્કાલીન રાજયપાલ શારદાબેન મુખર્જી પણ સેકટરના શેરી ગરબામાં ગરબે ઘુમ્યા હતા.

ઉચ્ચ અધિકારીઓના પરિવારજનો તેમજ ગુજરાતી ફિલ્મો અને ટી વી સિરિયલના કલાકારો પણ સેકટરની શેરીઓમાં આમ નાગરિકો સાથે ગરબાની રમઝટમાં જોડાઈને પારિવારિક માહોલની મજા માંણતા હતા . શેરી ગરબાના આયોજનમાં અંદાજિત સવા લાખનો ખર્ચ થતો હતો. જયારે ગરબા દરમિયાન લક્કી ડ્રો પણ થતો હતો. સે-૨૯ બાદ સે-૨૧માં પણ શેરી ગરબાના આયોજનને હજુ પણ સેકટરવાસીઓ યાદ કરે છે.

### આ છે ગાંધીનગરના ગરબાનો ઈતિહાસ

સેકટરની પંચશીલ પાર્ક સોસાયટીમાં પણ આજથી ૨૫ વર્ષ અગાઉ પાર્ટી પ્લોટને છાજે તેવા અનોખા શેરી ગરબાનુ આયોજન કરવામાં આવતુ હતુ. જેમાં રાત્રિના ૧૨ વાગ્યા સુધી પ્રાચીન ગરબા તેમજ ત્યારબાદ સવારે ૪ વાગ્યા સુધી દાંડીયા રાસની રમઝટ ગરબા પ્રેમીઓ માટે વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બની હતી. જી ઈ બીની જોન એન્ડ પાર્ટી દ્વારા સંગીત સુરના સથવારે ગરબા પ્રેમીઓ આનંદથી ગરબે ઘુમતા હતા.

સેકટરના અગ્રણી બળવંતભાઈ પટેલ, જશુભાઈ પટેલ, શિવકુમાર વર્મા, એસ પી પંડયા, સતીષ નાકરાણી, ચુંદુભાઈ પટેલ તેમજ સી પી સોની આ ઉજવણીમાં સહયોગી બળ પુરુ પાડતા હતા. હાલ પણ સમિતિના પ્રમુખ મહેશસિંહ રાઓલના સહયોગથી મહીલાઓ અને બાળાઓ માટે ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવે છે. સે-૧૭ અને ૨૨ માં પણ શેરી ગરબાની ઉજવણી શહેર તેમજ આસાપસના ગ્રામ્ય વિસ્તારો માટે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. રોશનીની જાકમઝોળ વચ્ચે વિશાળ સંખ્યામાં ભાવિકો માતાજીની ભકિત અર્ચના સાથે ગરબે ઘુમતા હતા. દિવાળીબેન ભીલ મણિરાજ બારોટ, રતનસિંહ વાઘેલા સહીતના કલાકારો સ્ટેજ પરથી સુર સંગીત પીરસતા ગરબાની રંગત જામતી હતી.

જયારે નવા સેકટરોમાં સે-૭ માં શેરી ગરબાની પણ વિશેષ બોલબાલા જોવા મળતી હતી. જુના સેકટરોમાંથી શરૂ થયેલી શેરી ગરબાની ઉજવણી હાલ સેકટરે સેકટરે જોવા મળે છે. તબક્કાવાર સે-૭, ૮, ૬, ૧૪, ૧૩, ૨, ૩, ૪, અને ૫માં શેરી ગરબાની શરૂઆત કરવામાં આવી હતી.નવા સેકટરોમાં શેરી ગરબાની ઉજવણીને વધુ ભવ્ય બનાવાનો શ્રેય સે-૭ ના રહીશોને જાય છે. હાલ સે-૪ માં શેરી ગરબાનુ નમુનારૂપ આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાં નવરાત મહોત્સવની ઉજવણીના પાયામાં શેરી ગરબાનુ મહત્વનુ યોગદાન છે. શેરી ગરબાની ઉજવણી થકી શહેરમાં પ્રસરાયેલી સાંસ્કૃતિક ચેતના સમય જતા સાંસ્કૃતિક ગરબા મહોત્સવમાં વધુ ભવ્ય સ્વરૂપે ઉભરી રહી છે. હાઈટેક બનતા નગરમાં વસતી અને વિકાસના બદલાતા આયામ વચ્ચે ગરબા મહોત્સવના આયોજનની ભવ્યતામાં બદલાવ જોવા મળી રહયો છે. સાંસ્કૃતિક નગર તરીકે ઉભરતા શહેરમાં નવરાત્રિની વિશેષ બોલબાલા છે. અમદાવાદ, સુરત, મુંબઈ બરોડા સહીતના શહેરો ઉપરાંત દેશ વિદેશના ખુંણેથી કલાપ્રેમીઓ નવરાત દરમિયાન ગાંધીનગર આવવાનુ પસંદ કરે છે. નવરાતને નગરની ઓળખ સમુ પર્વ બનાવવાના મુળ શેરી ગરબામાં રોપાયા હતા.

**નવા સેકટરોમાં શેરી ગરબાની ઉજવણીને વધુ ભવ્ય બનાવાનો શ્રેય સે-૭ ના રહીશોને જાય છે. હાલ સે-૪ માં શેરી ગરબાનુ નમુનારૂપ આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાં નવરાત મહોત્સવની ઉજવણીના પાયામાં શેરી ગરબાનુ મહત્વનુ યોગદાન છે**

### હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**બહેન... હું મોદીજીનો ફેન છું... મારા દરેક કામમાં તેમનો સંદેશો આપું છું. આ તમારા ચણિયા-ચોળીમાં સફાઈ અભિયાનનો કોન્સેપ્ટ છે જ્યાં જશો ત્યાં સફાઈ થતી રહેશે....!!!**

# નવરાત્રીમાં વિવિધ નાસ્તાની બોલબાલા

**શહેરમાં ગરમાગરમ ગોટા, ફાફડા-જલેબી, પાપડી, ફુલવડી, બટાકાપૌંવા સહિતના નાસ્તાની બોલબાલા, નવ દિવસ માટે કારીગરો ઓર્ડરમાં વ્યસ્ત**

ગાંધીનગર, તા.૨૯

માડી તારા આવવાના એંધાણ થયા નવરાત્રીને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ગરબે ઘુમવા ખૈલેયાઓ કાગડોળે રાહ જોઈને બેઠા છે. આદ્ય શકિત માં અંબાની ભકિત કરવા ભકતોમાં અનેરો મહિમાં જોવા મળી રહ્યો છે. ત્યારે નવરાત્રીના નવદિવસ સુધી રોજ રાત્રે વિવિધ નાસ્તો ખૈલેયાઓને આપવાનો ટ્રેન્ડ શહેરમાં જોવા મળી રહ્યો છે. ગાંધીનગરના વિવિધ સેકટરો તેમજ સોસાયટીઓમાં આયોજીત ગરબા મહોત્સવમાં ગોટા, પાપડી, ફાફડા-જલેબી, ફુલવડી, બટાકાપૌંવા સહિતનો સુકો નાસ્તો ગરબાપ્રેમીઓ તેમજ ભકતોને આપવામાં આવે છે. ત્યારે શહેરના ફરસાણના વેપારીઓને ત્યાં ઓર્ડર અપાઈ ચુક્યા છે તો બીજી તરફ વિવિધ વાનગી બનાવવાના જાણકાર કારીગરો નવદિવસ સુધી બુક થઈ ગયા છે. કેટલાક ગરબા આયોજકો દ્વારા નાસ્તાનો આગ્રહ રાખવામાં આવતા કારીગરો દ્વારા લાઈવ ઢોકળા અને ખમણ પણ આપવામાં આવે છે.

ગાંધીનગર શહેરનો નજારો નવરાત્રીમાં બદલાઈ જાય છે. નવરાતમાં જાણે શહેર વાયબ્રન્ટ બની જાય છે. નવરાત્રીમાં ખૈલેયાઓ ગરબા બંધ ના થાય ત્યાં સુધી ગરબે ઘુમીને માતાજીના આરાધના કરતા હોય છે. ભકિત અને શકિતના આ પર્વમાં વિવિધ સ્થળો પર માનવ મહેરામણ જોવા મળે છે. શહેરમાં આયોજીત ગરબા મહોત્સવમાં ગરબાપ્રેમીઓ માટે સ્ટોલની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જયાં ખૈલેયાઓ પાણી-ચા અને નાસ્તો કરી શકે છે. જયારે શહેરના જુના સેકટરોમાં ગરબા બાદ આજની તારીખે પણ ગરબા રસિકો ખાસ નાસ્તાની જયાફત માટે પસંદગીના સ્થળ પર જતા હોય છે. અત્યારે હાલ પણ સેકટર-૨૨ માં નાસ્તા માટે નગરજનોની લાંબી લાઈનો લાગે છે. ત્યારે આ વર્ષે નવરાત્રીમાં નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જેમાં શહેરમાં આવેલા વિવિધ સેકટરો તેમજ ન્યું ગાંધીનગરની કેટલીક સોસાયટીમાં નવ દિવસ વિવિધ નાસ્તાની ગોઠવણ કરવામાં આવી છે. જેમાં ગરમાગરમ ગોટા, ફાફડા-જલેબી, ઢોકળા, ખમણ, ફુલવડી, પાપડી, સેવ, બટાકાપૌંવાનો સમાવેશ થાય છે. આ અંગે શહેરના ફરસાણના વેપારીઓને ત્યાં દિવસ મુજબ નાસ્તાનું બુકીંગ પણ મહિના અગાઉથી થઈ ગયા છે. જયારે લારી-ગલ્લા ધારકોને પણ કેટલાક આયોજકોએ ત્યાં સોસાયટીમાં ગરમા ગરમ નાસ્તા માટે બુક કરી લીધા છે. નગરમાં નવરાત્રીમાં ફરસાણ તેમજ નાસ્તાના વેપારીઓની ભારે અછત અનુભવાય છે. અત્યારે હાલ તો નવરાત્રી આવતા સૌ કોઈ ગરબે ઘુમીને માતાજીની આરાધના કરવાના અવસરની કાગડોળે રાહ જોઈને ભકતો તેમજ ખૈલેયાઓ બેઠા છે.

## બાળકોનો 'ગબ્બર' શેરી નવરાત્રીનું એક આકર્ષણ

**હાલ પરીક્ષાઓ ચાલુ હોવા છતાં યેનકેન પ્રકારે ટાઈમ કાઢી બાળકો 'ગબ્બર' બનાવવાની તૈયારીમાં પડયા**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં નવરાત્રિના આયોજન માટે નગરજનોએ કમર કસી છે તો બીજી તરફ નાના બાળકો પણ 'મહોલ્લા માતા'ની તૈયારીઓમાં લાગી ગયા છે. આ વર્ષે જો કે શહેરમાં પ્રાથમિક પરીક્ષાઓ ચાલુ છે આમ છતાં આ બાળકોની ગબ્બર બનાવવાની તૈયારીઓ પર કોઈ જ અસર જોવા મળતી નથી.

નવરાત્રિમાં 'ગબ્બર' બનાવી શહેરના બાળકો ભકિતના સંસ્કાર તો મેળવે જ છે પરંતુ સાથે સાથે સર્જનાત્મકતાના ગુણો પણ ખિલવે છે. નવરાત્રિ પર્વ એ આદ્યશકિતની આરાધનાનું પર્વ છે. આ કારણે બાળકો માટી, ઈંટો અને પાણીના ઉપયોગથી 'ગબ્બર' પર્વત બનાવે છે અને આ ગબ્બરને તોરણો, એલઈડી સિરિઝ, રમકડાં, ફુવારા વગેરેથી સજાવી નયનરમ્ય દ્રશ્ય ખડું કરે છે. ગબ્બર પર નાનકડું માતાજીનું મંદિર બનાવી નવરાત્રી દરમિયાન આરતી-પૂજા-પ્રસાદ વગેરે પણ યોજે છે. વળી, ગબ્બર સામે કેટલાક બાળકો અવનવી થીમ આધારિત જુદી જુદી પ્રતિકૃતિઓ બનાવી અનેક આકર્ષણો પણ ઉભા કરતા હોય છે. આ માટે તેઓ થર્મોકોલ, સ્ટ્રો-પાઈપ, રમકડાંના વાહનો, પ્રાણીઓ, વૃક્ષો, માણસો વગેરે તેમજ લાઈટીંગ સીસ્ટમનો ઉપયોગ કરે છે. કેટલાક 'ગબ્બર' સાથે 'બેટી બચાવો' કે 'સ્વચ્છતા અભિયાન' અથવા 'દેશભકિત'ને આધારિત થીમ તૈયાર કરી ચોકકસ સંદેશો પણ આપે છે.



ગાંધીનગરમાં દરેક સેકટરમાં લગભગ તમામ ચોકઠે બાળકો દ્વારા ગબ્બર બનાવવાની પ્રવૃત્તિ ચાલતી જોવા મળે છે. આ વર્ષે હાલ પરીક્ષાઓ ચાલી રહી હોવા છતાં બાળકો યેનકેન પ્રકારે સમય કાઢી 'ગબ્બર' કે 'મહોલ્લા માતા'ની તૈયારીઓ કરતા નજરે ચઢી રહ્યા છે. માત્ર શહેરમાં જ નહી પરંતુ ગુડા વિસ્તારની સોસાયટીઓમાં પણ નવરાત્રિના મુખ્ય આયોજનની સમાંતર પણે બાળકો ગબ્બર બનાવવાની તૈયારીઓમાં લાગ્યા છે.

## બાંધકામ ખાતાના સફાઈ રોજમદારને સાતમા પગારપંચનો લાભ આપવા માંગણી

અખિલ ભારતીય વાલ્મિકી મહાસભા દ્વારા બાંધકામ ખાતાના સફાઈ કામદાર રોજમદારોને સાતમા પગારપંચનો લાભ આપવા માંગણી કરવામાં આવી છે. વાલ્મિકી મહાસભાના મંત્રી પુરૂષોત્તમ મકવાણાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને સાતમા પગાર પંચનો લાભ મળ્યો તે બદલ વાલ્મિકી સભા સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે પરંતુ હજુ સુધી બાંધકામ ખાતાના સફાઈ કામ કરતા રોજમદારોને આ લાભ મળ્યો નથી. વાલ્મિકી મહાસભાના અધ્યક્ષ રામેશ્વર લોટે પણ રોજમદારોને સાતમા પગારપંચનો ત્વરીત લાભ આપવા સરકારને રજૂઆત કરી છે.

## આજે વગડાવાળી માતાના મંદિરે નવરાત્રી પહેલા રાસ-ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સે. ૩-એમાં વગડાવાળી માતાના મંદિરે તા. ૩૦મી સપ્ટેમ્બર શુક્રવારે સાંજના ૫ થી ૮ વાગ્યા દરમ્યાન રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાસ-ગરબામાં સરગમ કલાવૃંદ તથા એ-સ્ટાર ડાન્સ એકેડેમી દ્વારા તાલીમ પામેલ ખેલૈયાઓ રાસ-ગરબા કરશે. જેમાં સેક્ટરવાસીઓ પણ જોડાશે.

આમ તો નવરાત્રિનો પ્રારંભ તા. ૧લી ઓક્ટોબર શનિવારે આસો સુદ-૧ના રોજથી થઈ રહ્યો છે. પરંતુ ગાંધીનગરના સે. ૩-એ ખાતે આવેલ વગડાવાળી માતાના મંદિરે એક દિવસ અગાઉ જ નવરાત્રિનો પ્રારંભ થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આ કાર્યક્રમમાં શહેરના સરગમ કલાવૃંદ તથા એ-સ્ટાર એકેડેમી ખાતે આ નવરાત્રિ માટે રાસ-ગરબાની તાલીમ પામેલ ખેલૈયાઓના ગ્રાન્ડ રિહર્સલના ભાગરૂપે ગરબા રમશે.

આ કાર્યક્રમમાં બાળકો તથા યુવાનો અને બાળકોની માતાઓ પણ જેમણે ગરબાની તાલીમ મેળવી છે તેઓ ગરબા રમવા એકઠા થશે. તમામ ખેલૈયાઓને અંજલિ તન્ના, હેતલ ભટ્ટી તથા મૌલિક ચૌહાણે તાલીમ આપી લેટેસ્ટ સ્ટેપ્સ શીખવાડ્યા છે. આ કાર્યક્રમમાં બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

## ૯મી ઓકટોબરે મહા અષ્ટમી યોજાશે

સેકટર-૩-ન્યુ શિવશકિત મંદિરના જીજ્ઞેશભાઈ શાસ્ત્રીના જણાવ્યા મુજબ પંચાગ અને શાસ્ત્ર પ્રમાણે આગામી તા. ૯ ઓકટોબરને રવિવારના રોજ મહા અષ્ટમી યોજાશે.

## સે-૧૨ બલરામ ભવનમાં ફરતા ગરબાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા આગામી તા. ૩ ઓકટોબરને સોમવારના રોજ બપોરના ૨ થી ૫ કલાક દરમિયાન સે-૧૨, બલરામ ભવન હોલ ખાતે નવરાત્રી મહોત્સવના ભાગરૂપે ફરતા ગરબાના કાર્યક્રમનું યોજન કરવામાં આવ્યું છે. શાખાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ મેમ્બર કાર્ડ લાવવા સભ્યોને જણાવ્યું છે તથા આ કાર્યક્રમ નિહાળવા નગરની બહેનોને ઉપસ્થિત રહેવા પણ જણાવાયું છે.



## ભારત વિકાસ પરિષદની મહિલા પાંખે બાળકોને ભોજન આપી તૃપ્ત કર્યા

શ્રાધ્ધપક્ષમાં અન્નદાનનો અનેરો મહિમા છે. ત્યારે ભારત વિકાસ પરિષદની મહિલા પાંખની બહેનો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જઈને શ્રમિક પરિવારના બાળકોને ભોજન, ફ્રુટ તેમજ સુકો નાસ્તો આપી તૃપ્ત કર્યા હતા. ભારત વિકાસ પરિષદ દ્વારા વર્ષ દરમિયાન અનેક સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. ત્યારે શહેરના વિવિધ સ્થળ પર આવેલ શ્રમિક વસાહતમાં જઈને ભારત વિકાસ પરિષદની બહેનોએ અંદાજે ૧૦૦ થી વધુ બાળકોને ભોજન કરાવ્યું હતું. તેની સાથો સાથ દાબેલી, કુકીઝ, ભાખરવડી, કેળા સહિતની ચીજવસ્તુઓ પણ પુરી પાડવામાં આવતા બાળકોના ચહેરા પર અનોખી ખુશી દેખાઈ હતી. જયારે બાળકોને ભોજન આપી તૃપ્ત કરતા બહેનોના ચહેરા પર પણ અનોખી ખુશી જોવા મળી હતી. ભારત વિકાસ પરિષદની મહિલા પાંખના આઠ બહેનો આ કાર્યમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.